

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग "जन फरियाद"

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-34 ■ તા. 20-08-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


### રાહુલ ગાંધીએ શાકભાજી વેચનારને ભોજન પીરસ્યું, સાથે જમ્યા

# કૃષ્ણ-સુદામા જેવી અમારી મુલાકાત, મને સર નહીં, રાહુલ કહો



રાહુલ ગાંધીએ શુક્રવારે પોતાના ટ્વિટર એકાઉન્ટ પર એક વીડિયો શેર કર્યો છે. આમાં તેઓ દિલ્હીના આઝાદપુર માર્કેટના એક શાકભાજી વેચનાર વ્યક્તિ, તેમની પત્ની અને પુત્રી સાથે પોતાના ઘરે વાત કરતા જોવા મળે છે. જ્યારે શાકભાજી વેચનાર આ વ્યક્તિ રાહુલને સર કહીને બોલાવે છે ત્યારે રાહુલ કહે છે કે મારું નામ રાહુલ છે, મને સર ના કહો. રાહુલ તેમને પોતાના હાથે ભોજન પણ પીરસે છે.રાહુલે વિડિયો સાથે લખ્યું છે - રામેશ્વર જી એ ભારતનો અવાજ છે જેની પીડા, મુદ્દાઓ અને પડકારો આજે મુખ્યધારાની ચર્ચાથી દૂર છે. આપણા બધાની નૈતિક જવાબદારી છે કે આપણે તે ભારતનો અવાજ સાંભળીએ અને સંઘર્ષો સામે લડવામાં સહયોગ કરીએ.

રાહુલ ગાંધીએ યુટ્યુબ પર ૯ મિનિટ ૫ સેકન્ડનો આખો વીડિયો પોસ્ટ કર્યો છે. આમાં લખ્યું છે- રામેશ્વર જીના આંસુ અને સ્મિતમાં ભારતનો અવાજ ગુંજે છે. તેની આગળ લખ્યું છે- ભારત જોડો યાત્રાની શરૂઆતથી જ હું લોકોને સાંભળી રહ્યો છું, તેમના દુઃખ અને દર્દને અનુભવી રહ્યો છું. આ રીતે એક દિવસ રામેશ્વર જીનો એક વિડિયો સામે આવ્યો - એક સામાન્ય માણસ, એક ગૌરવપૂર્ણ અને પ્રામાણિક ભારતીય કે જેઓ તેમના પરિવારને ટેકો આપવા માટે સખત મહેનત કરવા માંગે છે, પરંતુ તેમની આંખો મજબૂરીના આંસુઓથી ભરાઈ ગઈ હતી.

જો આપણે કરીએ તો શું કરવું - એક તરફ બેરોજગારીનો ઊંડો કુવો છે, અને બીજી બાજુ મોંઘવારીની ખીણ છે. યોગાનુયોગ, રામેશ્વરજીએ મળવાની ઈચ્છા વ્યક્ત કરી, જેમાં મને પોતે રસ હતો. પરિવાર સાથે મેં તેમને ઘરે જમવા માટે આમંત્રણ આપ્યું હતું.સંસદમાં કોંગ્રેસના લોકસભા સાંસદ ગૌરવ ગોગોઈએ રામેશ્વરના વાયરલ વીડિયોની ચર્ચા કરતી વખતે દેશમાં મોંઘવારી અંગે મોદી સરકાર પર અનેક આક્ષેપો કર્યા હતા. આ દરમિયાન કોંગ્રેસે આ વીડિયોના બહાને મોદી સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો.રામેશ્વર શાકભાજી વેચતા હોવાનો વીડિયો પણ રાહુલ ગાંધીએ શેર કર્યો હતો. વીડિયો વાયરલ થયા બાદ કોંગ્રેસના સાંસદ સવારે આઝાદપુર શાકમાર્કેટમાં શાકભાજી વિક્રેતાઓની હાલત પૂછવા પહોંચ્યા હતા. તેઓએ રામેશ્વરને શોધ્યા પણ તે દિવસે તે મળ્યા ન હતા.રામેશ્વરનું કહેવું છે કે સરકાર જ એવી છે કે કોઈ સરકારી અધિકારીઓ સાંભળતા નથી. તમે મારી વાત સાંભળી છે, તેથી મેં તમને મારી વિનંતી કરી છે. રાહુલ ગાંધી સાથે વાતચીત દરમિયાન રામેશ્વરે એમ પણ કહ્યું કે જે ગરીબ છે તે વધુ ગરીબ બની રહ્યો છે, જ્યારે જે અમીર છે તે વધુ અમીર થઈ રહ્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શાકભાજી વેચનાર રામેશ્વરને પોતાના હાથે ભોજન પીરસે છે. આ દરમિયાન રાહુલ ગાંધીએ રામેશ્વરની પત્નીને જમવાનું પૂછ્યું તો તેમને વ્રત હતું, એટલે રાહુલ ગાંધીએ ખાવા માટે ફળ આપ્યા હતા.રાહુલ અને રામેશ્વરની આ મુલાકાત ૧૪ ઓગસ્ટે થઈ હતી. રાહુલ ગાંધી ન માત્ર શાકભાજી વેચનાર રામેશ્વરને મળ્યા પરંતુ તેમની સાથે બેસીને ભોજન પણ કર્યું. બંને એકસાથે બેસીને ભોજન લેતા હોવાની તસવીરો પણ સામે આવી છે.

## અભદ્ર પોસ્ટ મામલે સુપ્રીમ કોર્ટ ભડકી : કહ્યું- માત્ર માફી માગવાથી ના ચાલે, નેતા હોય કે અભિનેતા, સજા તો થવી જોઈએ

સુપ્રીમ કોર્ટે શુક્રવારે સોશિયલ મીડિયા પર અભદ્ર અને અપમાનજનક પોસ્ટને લગતી અરજી પર સુનાવણી કરી. જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ પ્રશાંત કુમારની બેન્ચે કહ્યું હતું કે સોશિયલ મીડિયા પર અપમાનજનક પોસ્ટ કરનારાઓને સજા કરવી જરૂરી છે.બેન્ચે કહ્યું હતું કે આવા લોકો માફી માગીને ફોજદારી કાર્યવાહીથી બચી શકે નહીં. તેમણે પરિણામો ભોગવવાં પડશે. કોર્ટે તમિળ અભિનેતા અને ભૂતપૂર્વ ધારાસભ્ય એસવી શેખર (૭૨) સામે નોંધાયેલા કેસને રદ કરવાનો ઇનકાર કર્યો હતો. મહિલા પત્રકારો પર વાંધાજનક ટિપ્પણી કરવા બદલ તેમની સામે કેસ નોંધવામાં આવ્યો છે.મામલો ૨૦૧૮નો છે. શેખરે પોતાના ફેસબુક પર મહિલા પત્રકારોને



નિશાન બનાવીને વાંધાજનક પોસ્ટ કરી હતી. હકીકતમાં એક મહિલા પત્રકારે તામિલનાડુના તત્કાલીન રાજયપાલ બનવારીલાલ પુરોહિત પર અભદ્રતાનો આરોપ લગાવ્યો હતો. મહિલા પત્રકારના આ આરોપ અંગે શેખરે પોતાનો અભિપ્રાય આપ્યો હતો.તેમની પોસ્ટ બાદ ઘણો વિવાદ થયો હતો. ડીએમકેએ તેમના રાજીનામાની માગ કરી હતી. શેખરે પાછળથી માફી માગી અને પોસ્ટ પણ કાઢી નાખી, પરંતુ આ પોસ્ટને લઈને તામિલનાડુમાં તેની સામે કેસ નોંધવામાં આવ્યા હતા.શેખરના વકીલઃ તેને (શેખરને) તેની ભૂલનો અહેસાસ થયો, તેણે તરત જ તેની પોસ્ટ કાઢી નાખી અને બિનશરતી માફી માગી. અભિનેતાએ અન્ય કોઈની પોસ્ટ શેર કરી નહોતી. એ સમયે તેની આંખોમાં દવા નાખી હોવાથી તેની દૃષ્ટિ ઝાંખી પડી ગઈ હતી, જેના કારણે તેઓ પોસ્ટમાં શું લખ્યું છે એ જોઈ શક્યા ન હતા. ઘણા લોકો શેખરને સોશિયલ મીડિયા પર ફોલો કરે છે, જેના કારણે આ પોસ્ટ શેર કરતાંની સાથે જ વાઈરલ થઈ ગઈ હતી.સુપ્રીમ કોર્ટઃ જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ પ્રશાંત કુમારે કહ્યું- શેખરે સોશિયલ મીડિયા પર કન્ટેન્ટ વાંચ્યા વગર કેવી રીતે પોસ્ટ કર્યુ? ત્યાર બાદ કોર્ટે તેની સામે ચાલી રહેલા કેસમાં હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો હતો અને તેને કાનૂની કાર્યવાહીનો સામનો કરવા કહ્યું હતું.સુપ્રીમ કોર્ટઃ બેન્ચે આગળ કહ્યું- લોકોએ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી વખતે ઘણું ધ્યાન આપવું જોઈએ. સોશિયલ મીડિયાનો આ રીતે ઉપયોગ કરવો જરૂરી નથી, પરંતુ જો કોઈ કરે તો તેણે ભૂલની સજા ભોગવવા તૈયાર રહેવું જોઈએ.

# બે દિવસ મધ્યમથી ભારે વરસાદની આગાહી







### મધ્ય ગુજરાતમાં વીજળીના કડાકાભડાકા સાથે વરસાદ પડશે, સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ મેઘમહેર થશે, ૩૦થી ૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાવાની સંભાવના

બંગાળની ખાડીમાં લો પ્રેશર સિસ્ટમ બની છે, એના કારણે ગુજરાતમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગે બે દિવસ વરસાદની આગાહી કરી છે. આજથી વરસાદની ગતિમાં વધારો થશે. બે દિવસ પછી રાજયભરમાં વરસાદ રહેશે. સૌરાષ્ટ્ર-કચ્છમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે, રવિવારે રાજયના અનેક જિલ્લાઓમાં વરસાદ પડી શકે છે. રાજયના અમુક જિલ્લાના ભાગોમાં ૩૦થી ૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાશે અને સામાન્યથી મધ્યમ વરસાદ થશે. મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.ગાંધીનગર, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગરમાં વરસાદની આગાહી કરવામાં આવી છે તેમજ સુરેન્દ્રનગર, ભાવનગર અને બોટાદમાં થંડર સ્ટોમ એક્ટિવિટી થશે. ૨૦ ઓગસ્ટના ડાંગ, નર્મદા, છોટાઉદેપુર, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર-હવેલીમાં ભારે વરસાદની શક્યતા છે. ૨૧ ઓગસ્ટ સુધી રાજયના કેટલાક ભાગમાં ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે.અંબાલાલ પટેલે રાજયના કેટલાક વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની સંભાવના છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં સારો વરસાદની સંભાવના છે. આગામી દિવસોમાં રાજયમાં ગાજવીજ સાથે વરસાદ થશે.

ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. તાપી, ભરૂચ, દમણમાં પણ વરસાદ માહોલ જોવા મળશે અને રાજકોટ, જૂનાગઢ, મોરબી, ભાવનગરમાં મધ્યમ વરસાદની સંભાવના છે હવામાન વિભાગની આગાહી મુજબ અમરેલી, ગીર સોમનાથ, દ્વારકા, અમદાવાદ, ગાંધીનગર, દાહોદ, મહીસાગર અને બનાસકાંઠા, સાબરકાંઠા, મોડાસા, પાટણમાં પણ વરસાદ પડી શકે છે. ગાંધીનગર, વલસાડ, નર્મદા, દાહોદમાં સીઝન કરતાં ઓછો વરસાદ થયો છે.

## તંત્રી લેખ......

# મજબૂત સૈન્ય શક્તિનું મહત્ત્વ

તાજેતરમાં જ કેટલીક એવી ઘટનાઓ બની છે જેના પર દેશે ગહન વિચાર કરવાની જરૂર છે. એક તો નૂંહની ઘટના, જેના પડઘા આખા દેશમાં પડ્યા. બીજી એક ઘટનામાં એક સંસદ સભ્ય જાહેર કાર્યક્રમમાં ભારત માતા કી જય બોલવા મુદ્દે લગભગ મારામારી પર ઉતરી આવ્યા. થોડા મહિનાઓ પહેલાં કન્હૈયાલાલ અને ઉમેશ કોલ્હે જેવા લોકોનાં ગળાં કાપી નાખવામાં આવ્યાં હતાં. ખાલિસ્તાની સમર્થકો દ્વારા વારે-તહેવારે દેશ-વિદેશમાં પ્રદર્શનો થઈ રહ્યાં છે. પૂર્વોત્તરમાં પણ વિદેશી શક્તિઓની મદદથી માહોલ બગાડવામાં આવી રહ્યો છે. દેશમાં પહોળી થઈ રહેલી આ તિરાડો યુદ્ઘકાળનો સંકેત તો નથી આપતી? સ્પષ્ટ રપે આપણે આપણી સચોટ તૈયારી કરવી પડશે. વસ્તુતઃ શાંતિકાળ રાષ્ટ્ર માટે સ્થિરતા, વિકાસ, શક્તિ અર્જન અને ભવિષ્યની તૈયારીઓનો સમય હોય છે. શાંતિકાળનાં દાયિત્વોને ભૂલવાનાં દુષ્પરિણામ આપણે જોઈ રહ્યા છીએ. જ્યારે મૌર્ય, ગુપ્ત, કનિષ્ક અને લલિતાદિત્યનાં સામ્રાજ્યોથી લઈને ત્યાં સુધી કે અંગ્રેજોએ પણ પશ્ચિમોત્તરમાં આપણી સરહદોની રક્ષા કરી છે તો સ્પષ્ટ છે કે આ જ ભારતની સ્વાભાવિક સીમા છે. દેશના ભાગલાની આ નકલી વિભાજક રેખાઓ આપણા ભાગ્યની રેખાઓ નથી. કાલે જ્યારે આપણે સમર્થ બનીશું ત્યારે ઈતિહાસની લહેરો સામે રેતી પર દોરેલી લીટીઓની જેમ તે ભૂંસાઈ જશે. આપણી પૂર્વી સીમાઓ ક્યારેય એ પ્રકારે સમસ્યા નથી રહી. સમસ્યા તો ઉત્તરી સીમાઓ પણ ન હોત, પરંતુ આપણા અયોગ્ય શાસકો તેનું કારણ રહ્યા. પાકિસ્તાન બનવાવીને બ્રિટિશ સરકારે પશ્ચિમી દિશામાં ભારતના સંભવિત શક્તિ વિસ્તારને જાણીજોઈને નિષ્પ્રભાવી કરી દીધું. જ્યાં સિકંદરના સેનાપતિ સેલ્યુકસનો પરાજય થયો હતો, આજે ત્યાં પાકિસ્તાન બન્યું છે. જો સેલ્યુકસનો પરાજય થયો ન હોત તો મૌર્ય સામ્રાજ્ય સ્થિર ન હોત. બાકી વિશ્વ સાથે વ્યાપારિક સંબંધ ન બન્યા હોત. સમૃદ્ધિ અને શક્તિનો માર્ગ બાધિત રહેતો. એ જ રીતે આજે પાકિસ્તાન એક શત્રુ જ નહીં, પરંતુ એક અડચણ છે જેણે આપણો રસ્તો રોકી રાખ્યો છે.
આપણી સાંપ્રદાયિ સમસ્યા દેશની આંતરિક સ્થિતિઓને હવે એ રીતે પ્રભાવિત કરવા લાગી છે કે તે ઘોર સાંપ્રદાયિકતાની સાથે સાથે પ્રાદેશિક અલગાવનું પણ કારણ બની રહી છે. આ સાંપ્રદાયિકતા બિહાર અને ઉત્તર પ્રદેશમાં જાતીયતાનો આધાર બનીને સંકટ પેદા કરી રહી છે. બંગાળ અને કેરલમાં આ જ સાંપ્રદાયિકતા આતંકી વિભાજનકારી અભિયાનનો આશ્રય બની ચૂકી છે. પીએફઆઈ એ અલકાયદા ઉપરાંત આઈએસના ભારતમાં સંગઠિત થવાના અહેવાલો છે. આ સાંપ્રદાયિક વિભાજનથી ભારતના અસ્તિત્વ પર સંકટ પેદા થઈ રહ્યું છે. શાંતિકાળની જોગવાઈઓથી યુદ્ઘકાળનું નિયંત્રણ અસંભવ થતું જાય છે.

## પત્રાવળી-૭

# શબ્દોના સાથીદારો




આ પત્રાવળી શબ્દમાંથી અર્થોનાં કેટલાં બધાં પર્ણો ફૂટ્યાં, નહીં? અને તે પણ મનોહારી વર્ણનાત્મકરૂપે! વાંચતા વાંચતા તો મનમાં દરેક અર્થના કંઈ કેટલાંયે ચિત્રો,ચલચિત્રોની જેમ જ ઊપસી આવ્યાં.
પ્રીતિબેનના ‘શબદ’ અને ‘ભ્રમર’ શબ્દે તો મનમાં મનુભાઈ ત્રિવેદીનુ એક ગીત ‘શબદ તો ભમરી થઈને ફરે, બારાખડીમાં બેઠો શબદ એ કીટ સમો કમકમે, "શબદ તો ભમરી થઈને ભમે'' ,. વગેરે ગીતો ખડાં કરી દીધાં. તો વળી ઉતરાણની આસપાસના દિવસોમાં જ પતંગના પેચને, કશાયે કાવાદાવાના પેચ વગર, ખોવાયેલી બુદ્ધીના પેચ સાથે સાંકળી દઈને, વિવિધ અર્થોને કથાત્મક રીતે એવા કહેવાયા કે મનમોહી ગયા!
આ પત્રમાં હવે શબ્દને જ વીંટળાયેલી એક બીજી નવી વાત કરું. ગઈકાલે શોપિંગ મૉલમાં એક ઓળખીતાં બહેન મળ્યાં. તેમના પતિ પણ સાથે હતા. તે ખૂબ હસમુખા સ્વભાવના.
મળીએ એટલે જે રીતે પૂછીએ તે રીતે મેં તેમને પૂછ્યું ‘‘કેમ છો? શું નવા–જૂની?'' જવાબમાં એ તરત જ બોલી ઊઠયા.
"નવી આવતી નથી અને જૂની જતી નથી!'' ને પછી અમે બધાં ખડખડાટ હસી પડયાં. છૂટા પડયાં પછી મને એના પરથી જૂની કહેવતો યાદ આવી ગઈ.
જૂના જમાનામાં આજના જેવી શિક્ષણ પ્રથા,વ્યવસ્થા કે સ્કૂલો–કૉલેજો ન હતી ત્યારે યાદ રહી જાય તેવી કહેવતો દ્વારા લોકશિક્ષણનું કાર્ય થતું. તેને પરિણામે ગામડાઓની અભણ કે ઓછું ભણેલી પ્રજાને પણ કહેવતો યાદ રહી જતી. આજે પણ જુઓ ને? જૂના ગીતોની જેમ જ જૂની કહેવતો પણ લોકોની જીભ પર સચવાઈ રહી છે ને? મેં તો એમ પણ સાંભળ્યું છે કે, આ કહેવતો પર તો હવે યુનિ.માં વિદ્યાર્થીઓ પીએચડી પણ કરે છે! તમે જોશો તો કહેવતો પણ કેટલી બધી અર્થસભર અને કેવી મઝાની?
ક્યારેક દંભી ભગતો માટે એમ કહેવાતું કે, ‘ભગત ભૂંગળી અને શેર ખાય ડુંગળી.' વળી ડુંગળી તો ‘ગરીબોની કસ્તૂરી' મનાય છે ને? કસ્તુરીની વાત થોડી આગળ ચલાઉં. ‘કસ્તૂરી' એટલા માટે કહું છું કે તમને ગંધ આવે નહીં!! કેટલી કાળજી રાખું છું તમારી, નહીં?! પહેલાંના સમયમાં. કાઠિયાવાડના લુહાણાઓમાં કસ્તૂરીનો વપરાશ વધારે. તેના પરથી એક રમૂજી કહેવત આવી.''મૂળ રાતાં ફૂલ ધોળાં,પાન જેવી ડુંગળી..લુવાણાની લાજ રાખી, ધન્ય માતા ડુંગળી.' બીજી એક કહેવત યાદ આવીગઈ તે એ કે, ‘પ્યાજ. ખાધે કંઈ કપૂરની સુગંધ થોડી જ આવે?' એટલે તમારામાંના કોઈને પણ કાંદાની ગંધ ન આવે તેથી આ વાતને અહીં પૂરી કરું!! બીજી એક રસપ્રદ વાત એ છે કે, ઘણી કહેવતો એક કાનેથી બીજે કાને પહોંચતા સુધીમાં તો તેમાં રહેલાં શબ્દો કેવા અપભ્રંશ પામે છે! એક દાખલો આપું કે આપણે કહીએ છીએ અને સાંભળ્યું પણ છે કે, ‘‘નહીં મામા કરતા કાણો મામો સારો '' બરાબર? હકીકતમાં આ કહેવતમાં ‘કાણો' શબ્દ મૂળ ‘કહેણો' હતો. એટલે કે, નહીં મામા કરતા કહેણો (માનેલો) મામો સારો. આ ‘કહેણો' માંથી ‘કે'ણો' અને તેમાંથી ધીરે ધીરે ‘કાણો' કહેવાતો થયો ! બોલો છે ને દિલચશ્પ અપભ્રંશ? શબ્દનું મૂળ રૂપ આ રીતે વિકૃત થવાના કારણોમાંનું મુખ્ય કારણ મને ઉચ્ચારની ખામી લાગે છે. શબ્દનો સ્પષ્ટ ઉચ્ચાર હોવો ખૂબ જરૂરી છે અને એ વાત પણ શબ્દ જ સમજાવે છે ને!
મૂળ વાત જૂની કહેવતો અંગે કરવી હતી. મને ખાત્રી છે કે, તમે પણ વધુ મઝાની, ઉપયોગી અને રોજના વપરાશમાં સંભળાતી નવી કહેવતો જરૂર લઈ આવશો. પત્ર પૂરો કરતાં પહેલાં વળી એક વાત યાદ આવી (વકતા હાથમાંથી માઈક ન છોડે તે રીતે!) કે, કહેવત શબ્દના પણ એક–બેથી વધુ અર્થો છે. એટલું જ નહિ કહેવત શબ્દ પર પણ કહેવત છે એ ખબર છે ને? કોઈએ કંઈ ખૂબ જ ખરાબ કામ કર્યું હોય તો એમ કહેવાય કે. એને ‘માથે કહેવત રહી ગઈ. એ વિશે ગામડાની બાઈઓ એકબીજાંની સાથે ખભાથી ઠોંસા મારીને, આજુબાજુ જોતાં જોતા, આંખોના ખૂણેથી કંઈક આવી રીતે વાત કરે. ‘‘અલી, બુન, મુ હુ વાત કરું? પસ તોપહોંભર..પસ તો.. ઈયોને ‘‘માથ કહેવત રહી જઈ''..તાણેપલે, મુ તો આ હેંડી રોમ રોમપ''અસ્સલ ગામઠી ભાષા વાંચવાની મઝા આવી ને?ચાલો, દોસ્તો, મારી મનગમતી કહેવત કહીને અટકુ? શબ્દના આ પાને મળશો તો સોનામાં સુગંધ મળશે, સમજ્યા ને? આવજો.
દેવિકા ધ્રુવ

# ચોમાસામાં ખાડામાં ગરકાવ થયેલા શહેરના ૭૭ કિલોમીટરના રોડનું રિસર્ફેસિંગ કરાશે



ગાંધીનગરના નાગરિકોને આ વર્ષના ચોમાસામાં બિસ્માર રસ્તા અને ઠેકઠેકાણે ખાડાને કારણે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે વરસાદ બંધ રહેતાની સાથે તંત્રએ માર્ગ સુધારણાનું આયોજન હાથ ધર્યું છે. એકતરફ શહેરમાં પાણી અને ગટરલાઈનનું કામ ચાલી રહ્યું છે તેથી તે વિસ્તારો બાકી રખાશે પણ જ્યાં કામગીરી પૂર્ણ થઇ છે અથવા પૂર્ણતાના આરે છે તેવા સેક્ટરોમાં ૭૭ કિલોમીટરના આંતરિક રસ્તાના રીસર્ફેસિંગની કામગીરી તાત્કાલિક હાથ ધરવાનું આયોજન કરાયું છે. ૫૦ કરોડના ખર્ચે ૪ સેક્ટરોમાં આ કામગીરી તાકીદે શરૂ કરાશે.સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ ચાલી રહેલા પાણી અને ગટરલાઈનના કામોને કારણે નાગરિકોને અત્યારસુધીની સૌથી વધુ તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરના તમામ સેક્ટરોમાં આંતરિક માર્ગો અને છેક વસાહતીઓના ઘર સુધી ખોદકામ કરી નાંખવામાં આવ્યું છે. સ્ટોર્મ વોટરલાઈનને કારણે પણ ખોદકામ ચાલી રહ્યું છે. આ સતત ચાલતી પ્રક્રિયા અને યોગ્ય પુરાણ નહીં થવાને કારણે તમામ સેક્ટરોના વસાહતીઓ પરેશાન છે. ચોમાસામાં બદતર સ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. હાલ વરસાદ બંધ છે ત્યારે હવે તબક્કાવાર રોડ રીસર્ફેસીંગના કામો હાથ ધરવાની તૈયારી શરૂ કરવામાં આવી છે.જૂના સેક્ટરોમાં પાણી-ગટરલાઇનની કામગીરી હવે પૂર્ણતાના આરે છે આથી સૌપ્રથમ જૂના સેક્ટરોમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવશે. સેક્ટર-૨૭, ૨૮, ૨૯ અને ૩૦માં ૫૦ કરોડના ખર્ચે રોડ રીસર્ફેસીંગની કામગીરી માટેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઇ ગઇ છે જેથી ત્યાં હવે ટૂંક સમયમાં કામ શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત સેક્ટર-૬ અને સેક્ટર-૨૯માં રીંગ રોડ પહોળો કરવાના કામ પણ હાથ ઉપર લેવામાં આવશે. આગામી દિવાળી પહેલા આ તમામ કામો પૂર્ણ કરી દેવાનું આયોજન છે. બીજીતરફ ન્યૂ ગાંધીનગર વિસ્તારોમાં પણ રસ્તાની હાલત ખરાબ છે અને આ વિસ્તારોમાં હવે કોઇ ખોદકામ બાકી નહીં હોવાથી તબક્કાવાર આ વિસ્તારોના રસ્તા સુધારવાની કામગીરી પણ હાથ ધરવામાં આવશે.
હાલમાં જે આયોજન કરાયું છે તેમાં સેક્ટર-૨૭માં ૧૮.૨૯ કિલોમીટર, સેક્ટર-૨૮માં ૧૭ કિલોમીટર, સેક્ટર-૨૯માં ૧૯ કિલોમીટર અને સેક્ટર-૩૦માં ૨૩ કિલોમીટર વિસ્તારમાં રોડ રીસર્ફેસીંગની કામગીરી કરવામાં આવશે. સેક્ટરોના આંતરિક રીંગ રોડ અને વસાહતીઓના ઘર પાસેના રસ્તા પણ રીપેર કરી રીસર્ફેસ કરાશે.

# સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહ મિલન સમારોહ યોજાયો



**સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ગાંધીનગર દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે સ્નેહમિલન સમારોહ તા. ૧૫-૦૮-૨૦૨૩ના રોજ કોલેજના પટાંગણમાં યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ કોલેજમાં વિતાવેલા દિવસોને ફરી યાદ કરે અને પોતાની શિક્ષણભુમી સાથે કાયમી સંકળાયેલ રહે તેમજ નવા વિદ્યાર્થીઓ માટે પ્રેરણાસ્ત્રોત બને એ હતો.આ પ્રસંગે ટ્રસ્ટીશ્રી મહેન્દ્રસિંહ વાઘેલા હાજર રહી વિદ્યાર્થીઓને આશીર્વચન આપ્યા હતા તેમજ તેમના ઉજવળ ભવિષ્ય માટે અભિલાષા વ્યક્ત કરી હતી. કોલેજના રજીસ્ટ્રારશ્રી ડો. એમ ડી. પાંડે સરે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને કોલેજમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓમાં જરૂરી યોગદાન આપવા જણાવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત રહેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા. કોલેજમા હાલમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓએ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આવકારવા માટે વિશેષ કલ્ચરલ પ્રોગ્રામનું આયોજન કર્યુ હતું.**

# વિજાપુર આરોગ્ય વિભાગ દ્વારા મચ્છર બ્રિડિંગ જોવા મળતા એકમો ને રૂ ૨૧૦૦ નો દંડ ફટકાર્યો

વિજાપુર તા
વિજાપુર આરોગ્ય વિભાગ દ્વારા મચ્છર ડ્રોન ટેકનોલોજીના માધ્યમ થી મચ્છર બ્રીડિંગ વાળા સ્થાનો શોધી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી ડ્રોન ટેકનોલોજીના માધ્યમ થી મચ્છર બ્રિડિંગ વાળા એકમોને નોટિસ પાઠવી ૯ જેટલા એકમો પાસેથી રૂપિયા ૨૧૦૦ ની વસૂલાત કરી કાર્યવાહી કરવામાં આવી હતી મળતી માહીતી અનુસાર આરોગ્ય તંત્ર મેલેરિયા શાખા મહેસાણા દ્વારા આપેલી સૂચના મુજબ વિજાપુર તાલુકા હેલ્થ કચેરી ના હેલ્થ ઓફિસર ડો ચેતન પ્રજાપતિ દ્વારા તાલુકાના ૯ પ્રા આ કેન્દ્ર તેમજ ૧અર્બન હેલ્થ કચેરી દ્વારા વાહકજન્ય રોગો ની અટકાયત સારું મચ્છર ઉત્પતિ સ્થાન શોધી મચ્છર નું બ્રિડીગ કરતા એકમો ની ચકાસણી સારું સ્પેશ્યલ ડ્રાઇવ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મેડિકલ ઓફિસર આયુષ મેડિકલ ઓફિસર અને મેલેરિયા સુપરવાઈઝર ની ટીમ બનાવવામાં આવી અને આ ટીમ દ્વારા મુલાકાત લેતા જેમાં તાલુકા માં કુલ ૯ જગ્યા એ મચ્છર નું બ્રીડીગ જોવા મળતા ગુજરાત વેક્ટર બોર્ન ડીસીઝ કંટ્રોલ.૨૦૧૭હેઠળ કુલ ૯ જગ્યા એ ૨૧૦૦રૂપિયા નો દંડ વસૂલ કરવામાં આવ્યો..જેમાં અર્બન હેલ્થ કચેરી વિજાપુર વિસ્તાર માં ૧૬૦૦રૂપિયા અને સરદારપુરા પ્રા આ કેન્દ્ર ના સુદરપુર અને ચાગોદ વિસ્તાર માં ૫૦૦રૂપિયા દંડ ઉઘરાવવામાં આવ્યો..લોકો માં વાહક જન્ય રોગો મેલેરિયા ડેન્ગ્યુ ચિકનગુનિયા ના જેવા મચ્છરજન્ય રોગો નો ફેલાવો ન થાય તેમજ લોકો માં જાગૃતિ આવે તે સારું આ કાર્યવાહી કરવામાં આવી હતી



# ગાંધીનગર જિલ્લામાં આવેલા વલાદ ગામમાં રવિવારે નિઃશુલ્ક મેડિકલ કેમ્પ યોજાશે

ગાંધીનગર જિલ્લામાં આવેલા વલાદ ગામમાં ૨૦/૮/૨૦૨૩ના રવિવારે સવારે ૯ થી ૧૨ નિઃશુલ્ક મેડિકલ કેમ્પ યોજાશે.આ મેડિકલ કેમ્પ નું આયોજન વલાદ વિકાસ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું છે. આ મેડિકલ કેમ્પ માં આંખ,કાન ,નાક અને ગળાના ની તપાસ અને જરૂરી દવાઓ નિઃશુલ્ક આપવામાં આવશે.જેમને આંખ ની તકલીફો હશે તેમને કોમ્પ્યુટર દ્વારા આંખ ના નંબર ની તપાસ કરી નંબર હશે તેમને ચશ્મા પણ ફ્રી આપવા માં આવશે. ગ્રીન ક્રોસ લેબોરેટરી દ્વારા સગર્ભા સ્ત્રીઓ ની તપાસ કરવામાં આવશે અને તેમને જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે.

# કર્મચારીઓની નોકરી દાવ ઉપરઃફાયરમાં નોકરી કરતા હંગામી ૧૮ ડ્રાઈવરે પરીક્ષા આપવી પડશે

ગાંધીનગર ફાયર બ્રિગેડમાં હંગામી નોકરી કરતા ૧૮ ડ્રાઇવરને હવે વાહન ચલાવવાની પરીક્ષા આપવી પડશે. સરકારી કચેરીઓમાં નોકરીએ રાખતા પહેલા તેમના ઈન્ટવ્યુ અને પ્રેક્ટીકલ પરીક્ષા લેવામાં આવતી હોય છે. પરંતુ ફાયર બ્રિગેડમાં પહેલા નોકરી અને પછી પરીક્ષા રાખવામાં આવી રહી છે. આગામી ૧૫ ઓગસ્ટ પછી ડ્રાઇવરને પ્રેક્ટીકલ પરીક્ષા આપવી પડશે. જેમાં ડ્રાઇવર માટે બેરીકેટ્સ મુકી રસ્તો સાંકડો બનાવવામાં આવશે અને તેમાંથી વાહન પસાર કરવાનુ રહેશે.ગાંધીનગર ફાયર બ્રિગેડમાં હંગામી નોકરી કરતા ૧૦ કર્મચારીઓની નોકરી દાવ ઉપર મુકાઇ ગઇ છે. ફાયરમેનની નોકરી કરતા ૫૫ કર્મચારીઓની તરણની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ૪૫ કર્મચારી નિયત સમય મર્યાદામાં પ્રેક્ટીકલ પરીક્ષામાં પાસ થયા છે, જ્યારે ૧૦ કર્મચારીઓ પાસ થઇ શક્યા નથી, એટલે નિયમ મુજબ તેમને ઘરે જવુ પડશે. જોકે, આ બાબતે આખરી નિર્ણય કમિશનર દ્વારા કરવામાં આવશે. જે નિર્ણય આગામી સપ્તાહમાં થઇ શકે છે.હવે ફાયર બ્રિગેડમાં નોકરી કરતા હંગામી ડ્રાઇવરની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ઈન્ચાર્જ ફાયર ઓફિસર કૈઝાદ દસ્તુરે કહ્યુ હતુ કે, કચેરીમાં નોકરી કરતા હંગામી ડ્રાઇવરની પરીક્ષા ૧૫ ઓગસ્ટ પછી યોજવામાં આવશે. જે રીતે ફાયરમેનની તરવાની પરીક્ષા લેવામાં આવી છે, તેવી રીતે ડ્રાઇવરોની પરીક્ષા લેવામાં આવશે. જેમાં ડ્રાઇવર માટે એક ટ્રેક બનાવવામાં આવશે. ટુ વ્હીલરની પરીક્ષા પાસ કરવા ૮ નંબરની જેમ બનાવેલા ટ્રેક ઉપર વાહન હંકારવાનુ રહેશે. તેઉપરાંત બેરીકેટ્સ મુકીને સ્પીડમાં વાહન બહાર કાઢવાનુ રહેશે અને તેમાં પણ જે ડ્રાઇવર નાપાસ થશે તેમને બહાર કાઢવામાં આવશે.

# બનાસકાંઠાના આગથળા પોલીસ સ્ટેશનમાં ગુનેગારો સાથે પશુ- પંખીઓનું પણ પાલન

લાખણીઃ- લાખણી તાલુકાના આગથળા પોલીસ સ્ટેશન ખાતે પોલીસ જવાનો દ્વારા કાયદાના રક્ષણની સાથે સાથે પર્યાવરણનું પણ રક્ષણ કરવામાં આવે છે. પોલીસ જવાનોએ ફરજની સાથે સાથે પોલીસ સ્ટેશન કમ્પાઉન્ડમાં બગીચો બનાવી લુપ્ત થતી ચકલીઓના ૬૦ જેટલા માળા તેમજ પશુઓ માટે પાણીના હવાડા ભરવા સુધીની ફરજ નિભાવી રહ્યા છે.સામાન્ય રીતે પોલીસની કાર્યવાહી ટ્રાફિક નિયમન, ક્રાઇમ થતું અટકાવવું કે પેટ્રોલિંગ પૂરતું જ લોકો સમજતા હોય છે.કેટલાક લોકો પોલીસનું ખરાબ રીતે મૂલ્યાંકન કરતા હોય છે.પરંતુ આગથળા ખાતે આવેલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પી. એસ. આઇ. ડી. બી. ચૌધરી તેમજ તેમના પોલીસ જવાનો તેમની ફરજની સાથે સામાજીક દાયિત્વની ઉમદા કામગીરીથી લોકોના સાચા અર્થમાં મિત્ર સાબિત થયા છે.પર્યાવરણની જાળવણી, પશુ - પક્ષીઓ માટે ચણ - પાણીની વ્યવસ્થા થકી સમગ્ર વિસ્તારનું ધ્યાન ખેંચી રહ્યા છે.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું